Innovation ID	DTP0010000002731	Sr No : 1

Innovation Title	પશુને તાવ (Simple Fever)
Category	પશુ સંવર્ધન
Notebook Number	lok (૩) ૨, Mar- Apr-૧૯૯૮, Pg No. ૬
Brief	પશુને તાવ (Simple Fever) આવે ત્યારે કાળી જીરી (Nigella sativa), અજમો (Carum copticum), હીંગ (Ferula foetida), મીઠું, પાણી, કાળા મરી (Piper nigrum)નો ઉપયોગ
Detail	સખત ગરમી કે સખત ઠંડીની અસરના કારણે તાવ (Simple Fever) આવે છે. ખાસ કરીને બળદ જેવા પશુઓકે જેઓને ખેતીકામ કે ભાર ખેંચવામાં ઉપયોગમાં લેવાતા હોય તેવા પશુઓને તાવ (Simple Fever) આવવાની સાથે ટાઢ વાય છે. અને તેથી શરીર ધ્રુજે છે.જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના ચિરોડી ગામના ખેડૂતબહેન અલકાબેન લાલજીભાઇ ગોહિલે પશુને તાવની સારવાર માટે કાળાજીરી, કાળામરી, અજમો, હીંગ અને મીઠાનો ઉપયોગ કરે છે. ખેડૂતનાં જણાવ્યા મુજબ ૨ લીટર પાણીમાં એક ચમચી કાળીજીરી (Nigella sativa), કાળામરી (Piper nigrum), અજમો (Carum copticum) હીંગ (Ferula foetida) અને બે ચમચી મીઠું નાખીને તેને ઉકાળવામાં આવે છે. આ ઉકાળો અડધો થાય એટલે ઠંડો પાડી પશુને એક નાળ જેટલું મિશ્રણ બે દિવસ સુધી પીવડાવવાથી તાવ ઉતરી જાય છે. ડૉ અજારીયાના જણાવ્યા મુજબ આ મિશ્રણ જનરલ ટોનિક જેવું છે. તેથી તેની તાવ ઉપર કોઇ અસર નથી .ડૉ પી. આર .પટેલના મતે ઉપરોકકત ઔષધીઓ આફરામાં વધુ મદદરૂપ થઇ શકે તે માટે આ ઔષધ ફાયદાકારક હોવું એ એક અકસ્માત કે નિમિત્તમાત્ર ગણી શકાય. આ પદ્ધતિમાં વપરાતી દરેક વસ્તુઓ દરેક જગ્યાએ મળી રહેતી હોવાથી ખર્ચ નહિવત થાય છે અને દરેક લોકો ઉપયોગ કરી શકે છે. આ પદ્ધતિમાં ઉપરોક્ત પ્રમાણે પ્રમાણ જાળવી રાખવાથી કોઈ આડ અસર થતી નથી આથી સાવચેતી રાખવાની જરૂર પડતી નથી. અન્ય જાણકાર વ્યક્તિના નામ- - રમેશભાઈ નાનજીભાઈ ગજેરા - જીણાભાઈ વાણંદ - પરસોત્તમભાઈ બચુભાઈ સિદપરા (નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. વિપુલ વાસને તા. ૨૪-૮-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.) સલંગ્ન પદ્ધતિ - પશુને રોજ ૧૦થી ૨૫ ગ્રામ જેટલી કાળીજીરી દરરોજ સવાર-સાંજ આપતા રહેવાથી પશુને તાવ આવતો નથી.
Method of Use	
Caution	
Benefit	
Condition	
Material Used	કાળી જીરી (Nigella sativa),અજમો (Carum copticum), હીંગ (Ferula foetida), મીઠું, પાણી, કાળા મરી (Piper nigrum)
IPR Status	
Keywords	તાવ, Simple Fever, પશુ, કાળી જીરી, Nigella sativa, અજમો, Carum copticum, હીંગ, Ferula foetida, મીઠું, પાણી, કાળા મરી, Piper nigrum, જૂનાગઢ

Member ID	DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૪૨	Member Type	Scout		
First Name	સુભાષચંદ્ર	Middle Name		Last Name	ચોથાણી
Profession		Designation			
Address 1					
Village	ચિરોડા	Taluka	મેંદરડા		
District	Junagadh	State	Gujarat	Country	India
Biography	ખેડૂતનો પરિચયઃ ખેડૂત શ્રી જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાનાં ચિરોડા ગામનાં વતની છે.				

Member ID	DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૮૦	Member Type	Innovator		
First Name	અલકાબેન	Middle Name	લાલજીભાઈ	Last Name	ગોહિલ
Profession	ખેતી,પશુપાલન	Designation	ખેડૂત,પશુપાલક		
Address 1					
Village	મુ. ગુંદાળા	Taluka	મેંદરડા		
District	Junagadh	State	Gujarat	Country	India
Biography	ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર તેમની ઉમર ૫૦ વર્ષની છે. પોતે લખતા વાચતા આવડે તેટલું ભણેલા છે. અને સ્વાધ્યાય પ્રવૃતિ સાથે જોડાયેલા છે. રહેવા માટે કાચુ નળીયાવાળુ મકાન ધરાવે છે. જમીન ૧૦ વિઘા છે અને પશુઓમાં એક ગાય છે. ખેતી ઉપરાંત ઘરકામ કરે છે. ઘરમાં ચાર સભ્યો છે. તેનો પુત્ર ખેતી કામ જ કરે છે. આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી છે અને દિવાળી, હોળી, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે તહેવારો ઉજવે છે. મગફળી, કપાસ, ઘઉ, બાજરી વગેરે પાકોની ખેતી કરે છે અને આવી માહિતીઓ જાણવા-સમજવામાં રસ ધરાવે છે. તેમના પત્નીનું નામ લાલજીભાઈ છે. જેઓ ખેતીકામ કરે છે. ખેતી કામ દ્વારા ગુજરાન ચલાવે છે અને આવી બાબતો જાણવા સમજવામાં રસ ધરાવે છે. ગામનો પરિચય- ગુંદાળા ગામ જુનાગઢ જિલ્લાના મેદરડા તાલુકાથી ૮ કિમીના અંતરે આવેલું છે. ત્યાં જવા માટે મેંદરડાથી સરળતાથી વાહનો મળી રહે છે. ગામની વસ્તી ૫૦૦૦ની છે જેથી ૪૦ ટકા વસ્તી પટેલ લોકોની છે જ્યારે ૩૦ ટકા આહિર અને બાકીની વસ્તીમાં દરબાર, કુંભાર, વાણંદ, દરજી, વણકર વગેરે જ્ઞાતિના લોકો રહે છે. મોટાભાગના લોકો સ્વાધ્યાયની પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. ગામમાં સ્વાધ્યાયની મીટીંગ માટેનો હોલ (અમૃતાલય) આવેલું છે. ગામમાં શંકરભગવાનનું મંદિર પણ છે. રસ્તાઓ કાચા તેમજ લોકો પાકા અને કાચા નળીયાવાળા મકાનોમાં રહે છે. ધોરણ ૧થી ૭ માટેની પ્રાથમીક શાળા ગામમાં આવેલી છે. ગામના ૮૦ ટકા લોકો સજીવખેતી કરે છે અને સજીવખેતી કરવામાં ઘણા ખેડૂતોને રસ છે. દિવાળી, હોળી, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે તહેવારો ગામમાં ઉજવવામાં આવે છે. તળાવ કે ચેકડેમ નથી. આ વિસ્તારમાં મગફળી, ઘઉ, કપાસ, બાજરી વગેરે પાકો વાવેતર થાય છે. ઉપરાંત બાગાયતી પાકો જેવા કે નાળીયેરી અને આંબા તેમજ ચીકુની બાગો આવેલી છે. લીમડો, બાવડ, વડ, થોર વગેરેના વૃક્ષો ગામની આજુબાજુ જોવા મળે છે. એકંદરે ગામની પરિસ્થિતિ સારી છે.				

Member ID	DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪	Member Type	Verifier		
First Name	વિપુલ	Middle Name	વી.	Last Name	વાસન
Profession		Designation			
Address 1	શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા				
Village	જૂનાગઢ	Taluka	જૂનાગઢ		
District	Junagadh	State	Gujarat	Country	India
Biography					